R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2012-14. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2012-14 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૫● તા. ૨૭મી નવેમ્બર, ૨૦૧૩ ● અંક નં. ૪૧

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : ભાગ્યેશ જહા

સંપાદક : અરવિંદ આર. પટેલ,પુલક ત્રિવેદી કાર્યવાહક સંપાદક : કે.એ.કરમટા સહસંપાદક : અરવિંદ મછાર, પ્રવિણ સોનારિયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦, ઉપરાંત જિલ્લા-તાલુકા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

**વેબ સાઇટ : www.gujaratinformation.net** **www.facebook.com/gujaratinformation.official** **Phone No. : 079-232-53440**

## સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ સધર્ન સેક્ટર : હૈદરાબાદ

### કોન્સ્ટેબલ (ટેકનિકલ/ટ્રેડસ)ની ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૩-૧૨-૨૦૧૩**

મહારાષ્ટ્રના ઉમેદવારો માટે ખાલી જગ્યાઓ

| કોન્સ્ટેબલ (સીટી)/ ટ્રેડનું નામ | જન. | જન. એક્સ. સર્વિ. | ઓ બી સી | ઓબીસી એક્સ. સર્વિ. | એસસી | એસસી એક્સ. સર્વિ. | એસટી | એસટી એક્સ. સર્વિ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સીટી/ડ્રાઈવર (પુરુષ) | ૧૭ | ૨ | ૮ | ૧ | ૩ | ૦ | ૩ | ૦ | ૩૪ |
| સીટી/ફિટર (પુરુષ) | ૧૨ | ૧ | ૬ | ૧ | ૨ | ૦ | ૨ | ૦ | ૨૪ |
| સીટી/બ્યુગલર (પુરુષ) | ૩ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦૭ |
| સીટી/ટેલર (પુરુષ) | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧૦ |
| સીટી/મોચી (પુરુષ) | ૩ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૬ |
| સીટી/કાર્પેન્ટર (પુરુષ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/ગાર્ડનર (પુરુષ) | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૪ |
| સીટી/પાઈપ બેન્ડ (પુરુષ) | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૫ |
| સીટી/બ્રાસ બેન્ડ (પુરુષ) | ૩ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦૭ |
| સીટી/પેન્ટર (પુરુષ) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| સીટી/કૂક (પુરુષ) | ૮ | ૧ | ૪ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૧૬ |
| સીટી/વોટર કેરીયર (પુરુષ) | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦૯ |
| સીટી/વોશરમેન (પુરુષ) | ૭ | ૧ | ૪ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧૪ |
| સીટી/સફાઈ કર્મચારી (પુરુષ) | ૬ | ૧ | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧૨ |
| સીટી/બાર્બર (પુરુષ) | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૫ |
| સીટી/બ્યુગલર (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/સફાઈ કર્મચારી (મહિલા) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| સીટી/કૂક (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/વોટર કેરીયર (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/વોશર વુમન (મહિલા) | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૪ |
| સીટી/ટેલર (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/પેન્ટર (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/હેર ડ્રેસર (મહિલા) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ |

ગુજરાતના ઉમેદવારો માટે ખાલી જગ્યાઓ :

| કોન્સ્ટેબલ (સીટી)/ ટ્રેડનું નામ | જન. | જન. એક્સ. સર્વિ. | ઓ બી સી | ઓબીસી એક્સ. સર્વિ. | એસસી | એસસી એક્સ. સર્વિ. | એસટી | એસટી એક્સ. સર્વિ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સીટી/ડ્રાઈવર (પુરુષ) | ૮ | ૧ | ૫ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૧૮ |
| સીટી/ફિટર (પુરુષ) | ૫ | ૧ | ૩ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૧૨ |
| સીટી/બ્યુગલર (પુરુષ) | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૪ |
| સીટી/ટેલર (પુરુષ) | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦૫ |
| સીટી/મોચી (પુરુષ) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| સીટી/ગાર્ડનર (પુરુષ) | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૩ |
| સીટી/પેન્ટર (પુરુષ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/પાઈપ બેન્ડ (પુરુષ) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| સીટી/બ્રાસ બેન્ડ (પુરુષ) | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦૪ |
| સીટી/કૂક (પુરુષ) | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦૯ |
| સીટી/વોટર કેરીયર (પુરુષ) | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦૫ |
| સીટી/વોશરમેન (પુરુષ) | ૪ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦૭ |
| સીટી/સફાઈ કર્મચારી (પુરુષ) | ૪ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦૭ |
| સીટી/બાર્બર (પુરુષ) | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૩ |
| સીટી/સફાઈ કર્મચારી (મહિલા) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ |
| સીટી/કૂક (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/વોશરમેન (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |
| સીટી/હેર ડ્રેસર (મહિલા) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ |

- જગ્યાઓ ઉપર મુજબની બહાર પાડેલી/ જગ્યાઓમાં વહીવટી કારણોસર ફેરફાર થઇ શકે.
- ઉપરોક્ત જગ્યાઓ માટે ભરતી માટે અધિવાસનો દરજ્જો જરૂરી રહેશે. આન્ધ્રપ્રદેશ, કર્ણાટક, તામીલનાડુ, મહારાષ્ટ્ર અને ગુજરાતના ઉમેદવારોને તેમના જ રાજ્ય માટેની ભરતી માટે યોગ્ય ગણાશે તે પણ ''અધિવાસનું પ્રમાણપત્ર'' (ડોમી સીઈલ સર્ટિ.) આપવાથી જે રાજ્ય /કે.શા.પ્ર.ની મહેસુલી સત્તાવાળાઓ અધિકૃત રીતે ઈસ્યુ કર્યું હોય.
- ઉમેદવાર એક જ જગ્યા (ટ્રેડ) માટે અરજી કરી શકશે. જે કોઇ ઉમેદવાર એકથી વધુ જગ્યા/ ટ્રેડ માટે અરજી કરશે તેમની વિચારણા એક જ જગ્યા/ટ્રેડ માટે વિચારાશે.
- જો એક્સ સર્વિસમેન ઉમેદવાર ઉપલબ્ધ નહિ હોય એક્સ સર્વિસમેન માટે અનામત જગ્યાઓ જે તે કેટેગરીમાં ઓપન ઉમેદવારોમાંથી ભરાશે
- **પગાર ધોરણ :** ઉપરોક્ત જગ્યાઓ માટે બેન્ડ-૧ રૂા.૫૨૦૦-૨૦,૨૦૦ સાથે ગ્રેડ પે રૂા.૨૦૦૦/-
- **અન્ય ભથ્થા :** કેન્દ્ર સરકારના કર્મચારીઓને વખતોવખત નિયમો હેઠળ મળવાપાત્ર.
- **ફરજનું સ્થળ :** નિમણુંક માટે પાત્ર ઉમેદવારે પસંદગી માટે ભારતમાં ગમે ત્યાં ફરજ બજાવવી પડશે.
- નવી કન્ટ્રીબ્યુટરી પેન્શન સ્કીમ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટેની ૧-૧-૨૦૦૪થી અમલમાં આવી છે તે તમામ પસંદગી પામેલ ઉમેદવારોને લાગુ પડશે.
- જે વ્યક્તિ સરકારી / અર્ધસરકારીના વિભાગમાં ફરજ બજાવતા હોય તેમણે '' કોઇ વાંધો નથી'' નું પ્રમાણપત્ર રોજગાર દાતાનું ભરતી વખતે રજુ કરવું પડશે. (સ્ટેજ નં.૧: પીએચટી/ પીઈટી વખતે)
- નોકરી કરતા સીઆરપીએફના જવાનોના સંતાનો કે જેઓ તેમના માતા-પિતા સાથે રહેતા હોય તેમણે તેમના ગૃહ રાજ્ય અથવા જ્યાં તેમના માતા/પિતા ફરજ બજાવતા હોય/નિયુક્ત હોય ત્યાંથી કરી શકશે. આ રાહત મેળવવા ભરતીની પ્રક્રિયા (સ્ટેજ-૧) વખતે યોગ્ય પ્રમાણપત્ર જ્યાં કામ કરતા હોય તે કચેરીના વડાના પ્રમાણપત્રને રજુ કરી મેળવી શકાશે આ અંગેનું ફોરમેટ એનેક્ષર 'ઇ'માં છે.
- **ઉપરોક્ત જગ્યા માટે પાત્રતાની શરતો નીચે મુજબ છે.**

**શૈક્ષણિક લાયકાત :** માન્ય બોર્ડ/યુનિવર્સિટીમાંથી મેટ્રિક કે સમકક્ષ.

- **ટેકનિકલ લાયકાત**

૧. કોન્સ્ટેબલ (ફીટર)ની જગ્યા માટે, ઉમેદવાર NCVT માન્ય બે વર્ષનો મિકેનિકલ મોટર વ્હીકલનો આઈ.ટી.આઈ. કોર્સ કરેલો હોવો જોઈએ અથવા AICTE દ્વારા માન્ય ડિપ્લોમા ઈન ઓટોમોબાઈલ કર્યો હોવો જોઈએ. આ ઉપરાંત સબંધીત ટ્રેડનો એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.

૨. સીટી (ડ્રાઈવર)ની જગ્યા માટે, ઉમેદવાર પાસે ટ્રાન્સપોર્ટ વ્હીકલ ચલાવવા અંગેનું કાયદેસરનું ડ્રાઈવીંગ લાયસન્સ હોવું જરૂરી છે. ભરતી સમયે ડ્રાઈવીંગ ટેસ્ટમાં પાસ થવું જરૂરી છે.

➔

➔

૩. સિટી બ્યુગલર/ટ્રેલર/મોચી/ગાર્ડનર/પેઈન્ટર/પાઈપ બેન્ડ/ બ્રાસ બેન્ડ/ કૂક/વોટર કેરિયર/સફાઈ કર્મચારી/બાર્બર/વોશરમેન) માટે, ઉમેદવાર પાસે સારું વર્કિંગ નોલેજ જે તે ટ્રેડનું હોવું જરૂરી છે.

૪. ભરતી વખતે ઉમેદવારે ટ્રેડ ટેસ્ટ પસાર કરવો પડશે.

◆ **ઉંમર :** તારીખ ૧-૧-૨૦૧૪ના રોજ ૧૮ થી ૨૩ વર્ષ વચ્ચે.

◆ **છૂટ :**

એ. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદાવારોને ઉપરની વયમર્યાદામાં ૫ વર્ષની અને અન્ય પછાત વર્ગ માટે ૩ વર્ષની છૂટ અપાશે.

બી. વર્ષ ૧૯૮૪ના રમખાણોમાં મૃતકોના આશ્રિતો/બાળકોને પણ ૫ વર્ષની છૂટ અપાશે. જે ઉમેદવાર એસસી/એસટી અને અ.પ. વર્ગનો હશે તો તેને આ છૂટ તેને (એ)માં આપેલી છૂટ ઉપરાંતની હશે. આ છૂટ મેળવવા ઉમેદવારોએ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ઈસ્યુ થયેલું પ્રમાણપત્ર સાથે બિડવું પડશે જે જિલ્લામાં મૃત્યુ થયું હોય.

સી. પર્સનલ, કાર્મિક, ગ્રીવન્સીસ અને પેન્શન (પેન્શન અને તાલીમ) મંત્રાલયની અધિસૂચના સે.૧૫૦૧૨/૭/૧૯૯૧, સ્થા.(ડી)તા.૮-૧૨-૨૦૦૫ના મુજબ ઉમેદવાર જમ્મુ-કાશ્મીરમાં તા.૧-૧-૮૦ થી ૩૧-૧૨-૮૯ સુધી રહ્યા હોય તેમને પણ વયમર્યાદામાં ૫ વર્ષની છૂટ અપાશે. જે ઉમેદાવરને આ શ્રેણીમાં સવલત જોઈએ તે ૧-૧-૮૦ થી ૩૧-૧૨-૮૯ સુધી જમ્મુ-કાશમીરમાં નિવાસ કરતા હતા તેનું પ્રમાણપત્ર જિલ્લા મેજિસ્ટ્રેટનું કે કોઈ અન્ય સત્તાધિકારીનું જે જમ્મુ-કાશમીર સરકાર માન્ય હોય તેનું આપવું પડશે. આવું પ્રમાણપત્ર જરૂર આપવું પડશે.

ડી. વર્ષ ૨૦૦૨ના રમખાણોમાં મૃતકના આશ્રિત/બાળકો માટે પણ ૫ વર્ષની છૂટ રહેશે. જો ઉમેદવાર એસસી/એસટી અને અન્ય પછાત વર્ગનો હોય તો તેને આ છૂટ (એ)માં આપેલ છૂટ ઉપરાંત મળશે. આ છૂટ મેળવવા ઉમેદવારે સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા અપાયેલ પ્રમાણપત્ર સાથે બિડવું પડશે. તે જિલ્લાનું કે જ્યાં મૃત્યુ પામ્યા હોય.

◆ **શારીરિક માપદંડ :**

◆ **ઊંચાઈ :**સામાન્ય શ્રેણીના પુરુષ ઉમેદવાર-૧૭૦ સે.મી. મહિલા ઉમેદવારો માટે : ૧૫૭ સે.મી.

◆ **છૂટ :** તમામ અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે લઘુતમ ઊંચાઈ નીચે પ્રમાણે છે. પુરુષ ઉમેદવાર-૧૬૨.૫ સે.મી. મહિલા ઉમેદવારો માટે : ૧૫૦ સે.મી.

◆ **છાતી :** સામાન્ય શ્રેણીના ઉમેદવારો માટે ફુલાવ્યા વિના ૮૦ સે.મી. ફૂલાવીને ૮૫ સે.મી. (ઓછામાં ઓછું ૫ સે.મી.ફુલવું જોઈએ)

◆ **છૂટ :** તમામ અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે છાતીની લઘુત્તમ પહોળાઈ ફુલાવ્યા વિના ૭૬ સે.મી. અને ફુલાવીને ૮૧ સે.મી. જરૂર.

◆ **વજન :** તબીબી માપદંડ મુજબ વય/ઊંચાઈ મુજબ.

◆ **તબીબી ધોરણ :** (એ) આંખની દ્રષ્ટિ : ૧. ચશ્મા વિના બંને આંખોથી લઘુત્તમ દષ્ટિ ૬/૬ અને ૬/૯ કોઈ દષ્ટિ વિના. ૨. રંગ/વર્ણાન્ધતા ન હોવી જોઈએ. (બી) ઉમેદવારને ધનુષાકાર પગ, પરસ્પર ટકરાતા ઘુંટણ, સપાટ તળિયા, વેરીકોસ વેન, આંખ ત્રાંસી હોવી ન હોવું જોઈએ અને રંગોને ઓળખી શકતા હોવા જોઈએ. તેઓ માનસિક/શારીરિક રીતે સ્વસ્થ હોવા જોઈએ. તેમનામાં કોઈ દોષ ન હોય જેથી અસરકારક રીતે ડ્યુટી બજાવવામાં બાધા પેદા થાય.

◆ **માજી કર્મચારીઓ માટે ફરી રોજગારી માટેની પાત્રતા :** સીઆરપીએફમાં માજી સૈનિકોની ભરતી માટે નીચેની છુટછાટો આપવામાં આવશે.

(એ) તબીબી માપદંડ : તમામ છુટછાટ

(બી) શૈક્ષણિક લાયકાત : તમામ છુટછાટ

(સી) ચારિત્ર પ્રમાણપત્ર : ઓછામાં ઓછી જરૂરિયાત સારી કેટેગરીમાં હોવી જોઈએ.

(ડી) તબીબી માપદંડ : આકાર-આઈ

(ઈ) **ઉપલી વયમર્યાદામાં છુટછાટ :** લશ્કરી સેવામાં છુટછાટ વત્તા ૩ વર્ષ ડીઓપીટી નોટિફિકેશન નં. ૩૦૧૬-૧૦-૭૯ એસ્ટે : આઈ તા.૧૫-૧૨-૭૯. આર્મી સેવા અને સીઆરપીએફમાં પુનઃ રોજગારી માટેનો સમયગાળો ૨૪ મહિના કરતા વધારે ન હોવો જોઈએ.

(એફ) માજી સૈનિકો માટે સીઆરપીએફમાં ભરતી ખાતે દોડ/PET લેવામાં નહીં આવે. તેમ છતાં પણ માજી સૈનિકોએ લેખિત પરીક્ષા, ટ્રેડ, ટેસ્ટ અને તબીબી પરીક્ષામાં હાજરી આપવાની રહેશે.

(જી) માજી સૈનિકોને પુન રોજગારી માટે આપવામાં આવેલો અનામત લાભ લીધા પછી નિયમિત ધોરણે ગ્રુપ સી ની જગ્યાઓમાં કેન્દ્ર સરકારના સિવિલ સાઈડમાં નોકરી મેળવનાર માજી સૈનિકો માજી સૈનિક કેટેગરી હેઠળ અનામત લાભના દાવા માટે ફી છુટછાટ માટે પાત્ર નથી.

◆ **અરજી અને અરજી ફી :**

➢ એપેન્ડીક્ષ-A માં આપવામાં આવેલા નમૂના પ્રમાણેની અરજી પાત્ર અને ઈચ્છુક ઉમેદવારોએ મોકલી આપવાની છે. સંપૂર્ણ ભરેલી અરજીઓ પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે નીચે આપવામાં આવેલા સરનામા ખાતે **તા.૨૩-૧૨-૨૦૧૩** ના ૧૭-૦૦ કલાકે જે તે રાજ્યના ઉમેદવારોની અરજી પહોંચી જવી જોઈએ. અરજીના કવર પર કોન્સ્ટેબલ (ટિકનો. અને ટ્રેડ) સીઆરપીએફમાં ની જગ્યા માટેની અરજી એમ દર્શાવવાનું છે.

| નિવાસી રાજ્ય | **રાજ્ય સત્તાધિકારી જેમને અરજી મોકલી આપવાની છે અને જેમના નામે આઈપીઓ/ડીડી/બેન્કરનો ચેક લખવાનો છે.** |
|---|---|
| મહારાષ્ટ્ર માટે | ડીઆઈજીપી, ગ્રુપ સેન્ટર, સીઆરપીએફ, હિંગના રોડ, નાગપુર, મહારાષ્ટ્ર-૪૪૦૦૧૯. |
| ગુજરાત માટે | ડીઆઈજીપી, ગ્રુપ સેન્ટર, સીઆરપીએફ, ચીલોડા રોડ ગાંધીનગર ગુજરાત-૩૮૨૦૪૨. |

➢ તમામ ઉમેદવારોએ તેમની અરજી સાથે રૂ.૨૨ ની ટપાલ ટિકિટ લગાડેલું ૪"x૯" સાઈઝનું પોતાના સરનામા વાળું કવર મોકવાનું છે.

➢ જનરલ અને ઓબીસી કેટેગરીના પુરુષ ઉમેદવારોએ તેમની અરજી સાથે રૂ.૫૦ની અરજી ફી આઈપીઓ, ડિમાન્ડ ડ્રાફ્ટ/ બેન્કરના ચેકમાં નાયબ ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસના નામે અરજી સ્વીકારનાર સેન્ટરનો ઉલ્લેખ કરવો. આઈપીઓ, ડિમાન્ડ ડ્રાફ્ટ બેન્કરનો ચેક વિજ્ઞાપન તારીખ પછીનો હોવો જોઈએ અને પોસ્ટ ઓફિસ, બેન્કમાં ચુકવણીપાત્ર હોય જ્યાં અરજી સ્વીકારનાર કેન્દ્ર આવેલું છે. જનરલ અને ઓબીસી કેટેગરીના પુરુષ ઉમેદવારોની અરજીઓ રદ કરવામાં આવશે.જો અરજી સાથે અરજી ફી ન સામેલ કરેલી હોય તો.

➢ એસસી, એસટી અને મહિલા ઉમેદવારોને ફી ચુકવણીમાંથી મુક્તિ આપવામાં આવે છે તે રીતે માજી સૈનિકોને પણ મુક્તિ આપવામાં આવે છે.

➢ પોતાના સરનામાવાળા બે કવરો અને અરજી ફી (આઈપીઓ, ડિમાન્ડ ડ્રાફ્ટ, બેન્કરના ચેક જનરલ અને ઓબીસી ઉમેદવારો માટે) સિવાય અરજી સાથે કોઈ પણ દસ્તાવેજ મોકલવાના નથી.

➢ એક વાર ફી આપ્યા પછી તે કોઈ પણ સંજોગોમાં પરત નહિ મળે.

➢ ઉમેદવારો પોતપોતાના સેન્ટર ખાતે રાખવામાં આવેલા બોક્ષમાં અરજીપત્ર નાખી શકે છે.

➢ જે જગ્યા માટે અરજી કરેલી હોય તેનું નામ સ્પષ્ટ રીતે કોલમ નં. ૧૨ માં દર્શાવવાનું છે. જો આવું નહિ થાય તો અરજી રદ થશે.

➢ ઉમેદવારો પોતપોતાના સેન્ટર ખાતે અરજી રજૂ કરવાની છે. અન્ય કોઈ પણ સેન્ટર ખાતે મોકલવામાં આવતી અરજી રદ થશે.

➢ અધૂરી કે નિર્ધારીત નમૂના પ્રમાણે ન હોય તેવી અરજીઓ રદ થશે અને આ સબંધમાં કોઈ પણ પત્રવ્યવહાર ધ્યાનમાં નહિ લેવામાં આવે.

❑ **પસંદગીની પ્રક્રિયા :** જેમની અરજીઓ સ્વીકારવામાં આવે તેમને જે તે સેન્ટર દ્વારા કોલ લેટર આપવામાં આવશે. જેના સ્થળ અને તારીખના ઉલ્લેખ સાથે જે તારીખે તેમને હાજર રહેવાનું છે.

તબક્કા-૧ની પ્રારંભિક કસોટી ડ્રાઈવર અને ફીટર માટે અલગ છે, બાકીની બધી ભરતી પ્રક્રિયા બધી જગ્યાઓ માટે સમાન છે.

◆ **તબક્કો : ૧ : પીઈટી/પીએસટી (કોન્સ્ટેબલ ડ્રાઈવર અને ફિટર) (પુરુષ ઉમેદવારો માટે)**

◆ **ઊંચાઈ બાર :** શરૂઆતમાં જ ઉમેદવારોને ઊંચાઈ બાર અંગે જણાવવામાં આવશે ઓછી ઊંચાઈ ધરાવતા ઉમેદવારો ભરતી માટે પાત્ર નથી અને તેમને રદ સ્લીપ આપવામાં આવશે.

◆ **૫ કિ.મીની દોડ (ક્વોલીફાઈંગ) :** ઊંચાઈ બારમાં લાયક થતાં ઉમેદવારોએ ૨૪ મિનિટમાં ૫ કિ.મી.ની દોડ પુરી કરવાની રહેશે. **નોંધ :** ૫ કિમીની દોડમાં નાપાસ ઉમેદવારો ભરતીમાંથી રદ થશે અને તેમને તેના કારણ અંગે રીજેકશન સ્લીપ આપવામાં આવશે.

◆ **તબક્કો : ૧ : પીઈટી/પીએસટી (કોન્સ્ટેબલ ડ્રાઈવર અને ફિટર સિવાય તમામ જગ્યાઓ માટે)**

◆ **શારીરિક ક્ષમતા કસોટી :** ભરતીની શરૂઆતમાં જ ઉમેદવારોએ નીચે પ્રમાણે ૧.૬ કિમી દોડ પૂર્ણ કરવાની રહેશે.

**પુરુષ ઉમેદવાર માટે : ૧૦ મિનિટ**

**મહિલા ઉમેદવાર માટે : ૧૨ મિનિટ**

આ ટેસ્ટ પાત્રતા માટે છે. ઉમેદવાર તેમાં પાત્ર નહિ થાય તો ભરતી પ્રક્રિયામાંથી તે બહાર થશે અને પ્રીસાઈડીંગ અધિકારી તેમને બહાર કાઢવાની સ્લીપ આપશે.

◆ **દસ્તાવેજોની ચકાસણી :** જે ઉમેદવાર ૫ કિમીની દોડ ક્વોલિફાઈંગ દોડમાં પૂરી કરશે તેમના મૂળ કાગળ/દસ્તાવેજો તપાસાશે અને ફક્ત યોગ્ય ઉમેદવારોને જ ભરતી પ્રક્રિયાના અન્ય તબક્કામાં પ્રવેશ આપશે. જો કોઈ ઉમેદવાર અપેક્ષિત કાગળ/દસ્તાવેજ/પ્રમાણપત્ર ઉપલબ્ધ નહિ કરાવે તો ભરતી પ્રક્રિયાથી બહાર કરાશે અને તેમને કોઈપણ સ્થિતમાં પ્રોવિઝનલ આધારે ભાગ લેવા દેવામાં નહિ આવે. એસસી અને એસટી, ઓબીસીના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલી જગ્યાઓ માટે આવા ઉમેદવારોએ પુરવણી બી અને સી પ્રમાણે જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાનું છે.

◆ **શારીરિક માપદંડ :**

➢ જે ઉમેદવારના દસ્તાવેજો યોગ્ય જણાશે તેમની અધિકારીઓના બોર્ડ દ્વારા ઊંચાઈ, છાતી, વજન વગેરે તપાસશે. શારીરિક માનદંડોમાં શરતો પૂરી કરશે તેમને વજનના કારણોસર નાપાસ થયેલા ઉમેદાવારોની પરીક્ષા મેડિકલ પ્રેકિટશનર દ્વારા કરવામાં આવશે.

➢ ભરતી પ્રણાલી દરમિયાન જો કોઈ ઉમેદવારને તેના શારીરિક માપદંડ અંગે સંતોષ ન જણાય તો તે ભરતી બોર્ડના પ્રિસાઈડિંગ અધિકારીને અપીલ કરી શકશે અને તેમનો નિર્ણય અંતિમ હશે.

◆ **તબીબી કસોટી પરીક્ષા :** તબીબી માપદંડ પૂર્ણ કરનાર તમામ ઉમેદવારોને આ કસોટીમાં ભાગ લેવા દેવામાં આવશે જેમાં નીચેનો સમાવેશ થાય છે.

➢ ૧૧ ફૂટ લાંબો કૂદકો (૩ પ્રયાસ આપવામાં આવશે)

➢ ૩ ફૂટ ૬ ઈંચ ઉંચો કૂદકો (૩ પ્રયાસ આપવામાં આવશે)

**નોંધ :** ઉમેદવારોએ ઉપરોકત તમામ કસોટી પાસ કરવાની છે. કોઈ પણ કસોટીમાં નાપાસ થતાં ઉમેદવારી ગુમાવી દેશે જેના માટે તેમને તેમના કારણો દર્શાવતી સ્લીપ આપવામાં આવશે. માજી સૈનિકો માટે કોઈ પીઈટી કસોટી નથી.

**બીજો તબક્કો (લેખિત પરીક્ષા)**

તબક્કા-૧ માં (પીએસટી, પીઈટી)માં પાસ ઉમેદવારોને લેખિતમાં જણાવવામા આવશે કે તેમને લેખિત પરીક્ષા અને સ્થળ માટે કઈ તારીખે હાજરી આપવાની છે. લેખિત પરીક્ષા નીચે પ્રમાણેની હશે. (૧) લેખિત પરીક્ષા ૧૦૦ ગુણની હશે એટલે કે બે ભાગમાં સામાન્ય જ્ઞાન ધો. ૧૦ પાસ વિદ્યાથીઓનું જેવું અને ભાગ ૨ ટ્રેડ જ્ઞાન. (૨) ભાગ ૧ નું પ્રશ્નપત્ર ૫૦ ગુણનું હશે જેમાં નીચેના હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો હશે. (એ) સામાન્ય જ્ઞાન, સામાન્ય સમજ (બી) પ્રાથમિક ગણિતનું જ્ઞાન (સી) એનાલિટિકલ જ્ઞાન (ડી) નિરિક્ષણ શકિત (ઈ) અંગ્રેજી અને હિન્દીનું જ્ઞાન. પ્રશ્નપત્ર અંગ્રેજી અને હિન્દી એમ બન્ને ભાષાઓમાં રહેશે. (૩) ભાગ-૨ નું પ્રશ્નપત્ર ૫૦ ગુણનું હેતુલક્ષી પ્રકારનું હશે જેમાં ઉમેદવારોના ટ્રેડ અંગેની જાણકારી હશે. કોઈ ચોક્કસ ટ્રેડ માટે અરજી કરતા ઉમેદવારોને ટ્રેડનું પેપર આપવામાં આવશે. (૪) પ્રશ્નપત્રમાં ઉત્તરો હિન્દી કે અંગ્રેજીમાં આપવાના છે. (૫) ભાગ-૧ અને ૨ ના પેપરોના જવાબો પેનનો ઉપયોગ કરીને આપવાના રહેશે. પેન્સીલના ઉપયોગની મંજૂરી નથી. (૬) લેખિત પરીક્ષાનો સમયગાળો ૨ કલાકનો રહેશે. (૭) લેખિત પરીક્ષાના પુનમુલ્યાંકન અને ફરી યોજવા અંગે કોઈ પણ પત્રવ્યવહારને ધ્યાનમાં નહિ લેવામાં આવે. (૮) ઉમેદવારોએ લેખિત પરીક્ષા માટે કલીપ બોર્ડ અને પેન લાવવાની રહેશે. (૯) મોબાઈલ ફોન, કેલ્યુલેટર કે અન્ય ઈલેકટ્રોનીક ઉપકરણો પર પ્રતિબંધ રહેશે તેથી ઉમેદવારો કસોટી વખતે આવા ઉપકરણો ન લાવે. જો આવી

➔

➔ ચીજો જણાશે તો તેને અયોગ્ય ઉપયોગ તરીકે ગણાશે અને યોગ્ય પગલાં લેવામાં આવશે. (૧૦)લેખિત પરીક્ષાનું પરિણામ લેખિત પરીક્ષાના સેન્ટર ખાતે ડિસપ્લે કરવામાં આવશે. ઉમેદવારોને લેખિત પરીક્ષાની તારીખ અંગે જણાવવામાં આવશે. લેખિત પરીક્ષામાં પાસ થતાં ઉમેદવારોએ પરીક્ષા કેન્દ્ર ખાતેથી પરિણામ જોયા પછી ટ્રેડ પરીક્ષા આપવાની છે. અલગ લેટર કે લેખિત પત્ર ટ્રેડ ટેસ્ટ માટે આપવામાં નહિ આવે.

**ત્રીજો તબક્કો (ટ્રેડ ટેસ્ટ)**

લેખિત પરીક્ષામાં લાયક ઠરતા ઉમેદવારોએ ટ્રેડ ટેસ્ટ આપવાનો રહેશે. ટ્રેડ ટેસ્ટ ક્વોલિફાઈડ હશે. ટ્રેડ ટેસ્ટ દરમિયાન ઉમેદવારને જે તે ટ્રેડ સંબંધિત કામ પૂરું કરવાનું જણાવવામાં આવશે. ૫૦ માર્કના ટ્રેડ ટેસ્ટ માટે પાસ માટે ઓછામાં ઓછા ૨૦ ગુણ લાવવાના છે. દરેક ટ્રેડ માટેના પેરામિટર નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧. | ડ્રાઈવર | : ડ્રાઈવિંગનું જ્ઞાન, હેન્ડલિંગ ડ્રાઈવિંગ, પાર્કિંગ અને લાઈટ અને ભારે વાહનોની મરામત. |
| ૨. | ફિટર | : ઓટોમોબાઈલ ફિટર મોટર મિકેનીક ટ્રેડનું જ્ઞાન અને ટુલ હેન્ડલ કરવા. |
| ૩. | બ્યુગલર | : બ્યુગલ વગાડવાનું જાણતા હોય. |
| ૪. | દરજી | : વ્યક્તિઓનું માપ લઈ શકતો હોવો જોઈએ, કટિંગ એન્ડ સ્ટીચિંગ ઓફ ટેરી કોટન યુનિફોર્મ સિવિલ કલોથ કટિંગ એન્ડ સ્ટીચિંગ ઓફ વોર્મ કલોથ, યુનિફોર્મ. |
| ૫. | મોચી | : તેમના ટ્રેડનું જ્ઞાન હોવું જોઈએ. બુટ પોલિશ, ઉપકરણો વાપરવા ચામડું કાપવું સાંધવું અને સ્ટીચીંગ ગરમ કપડા યુનિફોર્મ વગેરે. નવા બુટ બનાવવા. |
| ૬. | સુથાર | : ઉપકરણો હેન્ડલ કરવા, લાકડા કાપવા, ફિટિંગ, પોલીશિંગ અને મટીરીયલ ફિનિશિંગ, બારી-બારણાં લગાડવાનું જ્ઞાન બારીઓ પર કાચ લગાડવાનું કામ, લાકડાના બોક્ષ, રેક. |
| ૭. | પેઈન્ટર | : રંગો, પેઈન્ટ શેડ, પેઈન્ટિંગ, સાઈન બોર્ડ, પેન્ટિંગ અને ડ્રોઈંગની જાણકારી, મોટર ગાડીઓ પર સ્પે પેઈન્ટ કરવું. રંગોને મિલાવીને વિવિધ પેઈન્ટિંગ, ડિસટેમ્પરિંગ, બોર્ડ અને બેનર પર ચોખ્ખી રીતે અક્ષરો લખવા. લાકડા પર પેઈન્ટિંગ કરવું. સારી માત્રામાં પેઈન્ટની જાણકારી અને સીજીઆઈ શીટ પર પેઈન્ટ કરવું. |
| ૮. | ગાર્ડનર | : વૃક્ષારોપણની જાણકારી, છોડવાઓનું જતન, બીજની જાણકારી અને રોપવાની મોસમ, ખાતર અને પાણી. |
| ૯. | બ્રાસ બેન્ડ | : બ્રાસ બેન્ડ વગાડવાનું જ્ઞાન. |
| ૧૦. | પાઈપ બેન્ડ | : પાઈપ બેન્ડ વગાડવાનું જ્ઞાન. |
| ૧૧. | કુક | : ૧૦૦ વ્યકિતઓ માટે રોટલી અને ભાત/ શાક/દાળ/સંભાર/ઈડલી વગેરે બનાવવું. મીટ/માંછલી ઈંડા/ખીર વગેરે બનાવવું. |
| ૧૨. | જલવાહક | : વાસણો ધોવા, ૧૦૦ વ્યકિતઓ માટે રોટલી બનાવવા માટે લોટ બાંધવો અને શાકભાજી કાપવી. |
| ૧૩. | સફાઈ | : ફર્શ, ખાલી સ્થાન પર પોતું મારવું કર્મચારી અને શૌચાલયો તથા બાથરૂમ સાફ કરવું. |
| ૧૪. | વાળંદ | : ઉપકરણો ઉપયોગ, વાળ અને દાઢી કટિંગ કરવું |
| ૧૫. | ધોબી | : કપડા ધોવા, ખાખી કોટન વર્દી અને ટેરિકોટન વર્દી પર ઈસ્ત્રી કરવી. |
| ૧૬. | હેર ડ્રેસર | : મહિલાઓના વાળ કાપવા તથા ઓજારોનો ઉપયોગ કરવો. |

**(બી) તબીબી પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી**

ઉમેદવારોની સંખ્યા મેડિકલી રીતે જગ્યાઓની સમાન હશે જે તબીબી કસોટી દરમિયાન નિષ્ફળતા દર પ્રમાણે હશે.

(સી) તબીબી કસોટી માટે પસંદગી પામેલા ઉમેદવારોની વિગતો લેખિત પરીક્ષા સેન્ટર ખાતે મૂકવામાં આવશે. ઉમેદવારોને લેખિત પરીક્ષાની તારીખ અંગે જણાવવામાં આવશે.

**ચોથો તબક્કો (તબીબી પરીક્ષા)**

(એ) ટ્રેડ ટેસ્ટ અને નિર્ધારીત ગુણમાં લાયક ઠરતા ઉમેદવારો (લેખિત પરીક્ષાના માર્ક પ્રમાણે) ની શારીરિક અને તબીબી ફિટનેશની ચકાસણી કરવામાં આવશે તબીબી કસોટી દરમિયાન હંગામી અનફિટનેશ આપવામાં આવશે.

**(બી) તબીબી પરીક્ષાની વિરુધ્ધમાં અપીલ/પ્રતિવેદન**

તબીબી પરિણામમાં જે ઉમેદવાર કે.રિ.પુ. બલમાં નિયુકતી માટે અયોગ્ય જાહેર થાય તો તે ઉમેદવારને ભરતી બોર્ડના પીઠાસીન અધિકારી દ્વારા અસ્વીકાર થયાના કારણો જણાવવામાં આવશે. જો કોઈ ઉમેદવાર તબીબી અધિકારીના તારણોથી સંતુષ્ટ ન થાય તો તે ફરી પરીક્ષણ માટે મેડિકલ પ્રમાણપત્રમાં આપવામાં આવેલા નમૂના પ્રમાણે તેની ફિટનેશના સાક્ષ્યના રૂપમાં રજૂ કરી શકે છે. મેડિકલ પ્રમાણપત્રને સાચુ નહિ માનવામાં આવે. જ્યાં સુધી કે તે તેની પર રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરની ટીપ્પણી ન લખેલી હોય કે આ ઉમેદવાર પહેલા પણ ભરતી બોર્ડના તબીબી અધિકારી દ્વારા અયોગ્ય જાહેર થયેલો છે. પુરવણી એફ પ્રમાણે નીચેનાઅધિકારી પાસે :

| નિવાસી રાજ્ય | સત્તાધિકારી |
|---|---|
| મહારાષ્ટ્ર | ડીઆઈજીપી, ગ્રુપ સેન્ટર, સીઆરપીએફ, હિંગના રોડ, નાગપુર, મહારાષ્ટ્ર-૪૪૦૦૧૯. |
| ગુજરાત | ડીઆઈજીપી, ગ્રુપ સેન્ટર, સીઆરપીએફ, ચીલોડા રોડ ગાંધીનગર ગુજરાત-૩૮૨૦૪૨. |

(૨) અપીલ ધ્યાનમાં નહિ લેવામાં આવે જો ન હોય તો :

(એ) મેડિકલ પ્રેક્ટિશનનું ફિટનેશ અંગેનું પ્રમાણપત્ર ન રજુ કરવામાં આવે તો, ઉપરાંત તેમાં મેડિકલ પ્રેક્ટિશનરની એવી નોંધ હોય કે સીઆરપીએફમા મેડિકલ અધિકારી દ્વારા ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવ્યો છે.

(બી) મેડિકલ પુન પરીક્ષા ફી રૂ. ૨૫ આઈપીઓ, ડીડી, બેન્કરના ચેકમાં અપીલ સાથે ન રજૂ કરવામાં આવે તો.

(સી) જો અપીલ પત્રવ્યહારની તારીખથી ૧૫ દિવસની અંદર ન રજૂ કરવામાં આવે તો.

**પાંચમો તબક્કો : અંતિમ મેરિટ યાદી બનાવવી.**

તબીબી પરીક્ષા પૂર્ણ થયા બાદ વિવિધ અનામત કેટેગરી મુજબ જગ્યાની અંતિમ મેરિટ યાદી બનાવાશે.

**છઠ્ઠો તબક્કો : (અંતિમ પસંદગી)**

(૧) ઉમેદવારને અંતિમ પસંદગી શ્રેણીમાં લેખિત ટેસ્ટની યાદીના આધારે કરવામાં આવશે. જે નીચે પ્રમાણે છે.

(ક) સામાન્ય, ભુ. સૈ. : ૩૫ ટકા

(ખ) એસસી, એસટી,ઓ.બી.સી. : ૩૩ ટકા

❑ ઉમેદવારે નીચેના મૂળ દસ્તાવેજની નકલો ભરતીના સમયે લાવવાના છે.

- શૈક્ષણિક લાયકાત
- જન્મતારીખ (ધોરણ ૧૦ પાસ પ્રમાણપત્ર)
- નિવાસી રાજ્યની સાબિતી તરીકે સક્ષમ અધિકારીનું નિવાસી પ્રમાણપત્ર
- એસસી, એસટી અને ઓબીસી પ્રમાણપત્ર જ્યાં લાગુ હોય ત્યાં, જેને રાજપત્રિત અધિકારી દ્વારા જારી કરવામાં આવેલું હોય. જેમાં તેમનો હોદ્દો મામલતદારની નીચે ન હોય. જેનો પત્ર અને બી. અને સી આપવામાં આવેલું હોય.
- મૂળ ડ્રાઈવિંગ લાઈસન્સ અને ટેકનીકલ ટ્રેડઃ, પ્રોફેશનલ પ્રમાણપત્ર.
- એક વર્ષનું અનુભવ પ્રમાણપત્ર (કોન્સ્ટેબલ ફિટર માટે પેરા-૮ (બી) ૧ માં જણાવ્યા પ્રમાણે
- માજી સૈનિક માટે ડિસ્ચાર્જ પ્રમાણપત્ર
- વાંધા નહિ પ્રમાણપત્ર સરકારી, અર્ધ સરકારી વિભાગનું.
- સીઆરપીએફ કર્મચારીઓ સેવાના કિસ્સામાં હોમ સ્ટેટ કરતા અન્ય કોઇ રાજ્ય વતી અરજી કરતા હો તેઓ પુરવણી ઈ પ્રમાણે પ્રમાણપત્ર રજુ કરે.
- ચાર પાસપોર્ટ સાઈઝના ફોટાઓ.
- મુળ પ્રમાણપત્રોની ઉપરાંત ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત, જાતિ, ટેકનીકલ ટ્રેડ અને અનુભવ પ્રમાણપત્ર, ડ્રાઈવિંગ લાઈસન્સ વગેરે ગેઝેટેડ ઓફિસર દ્વારા પ્રમાણિત.
- જો કોઈ ઉમેદવાર અયોગ્ય જણાય અથવા કોઈપણ માહિતી છુપાવતો જણાય તે કે તેણીની નિમણુંક, પસંદગી પહેલા કે પછી તો તે કે તેણીની ઉમેદવારી રદ થશે.

**❑ સામાન્ય સૂચનાઓ**

- સંબંધિત ભરતી બોર્ડનો નિર્ણય અંતિમ હશે.
- નિમણુંક થતાં ઉમેદવારોને સીઆરપીએફ ધારાના ધારાધોરણો લાગુ પડશે સરકારી સુચના નિયમો પ્રમાણે સમયાનુસાર લાગુ પડતા હોય તેવા ધારાધોરણો પ્રમાણે.
- ઉમેદવારે આ પસંદગી ટેસ્ટ માટે પોતાના ખર્ચે હાજર રહેવું પડશે, તેના માટે કોઈપણ પ્રકારનું ભથ્થું નહિં આપવામાં આવે. ભરતી સમય ગાળામાં રોકાવાની સગવડ પોતાની રીતે કરવી પડશે. ૨૦-૩૦ દિવસની રોકાણની તૈયારી કરીને આવવું.
- ઉમેદવારોએ રેસ કે પીઈટી માટે પુરતી પ્રેક્ટિશનની સલાહ આપવામાં આવે છે. તેમને નિર્ધારિત અંતરની દોડ માટેની પોતાની પાત્રતા અંગેની પણ સલાહ આપવામાં આવે છે. વિભાગ, ભરતી ટેસ્ટ દરમ્યાન કોઈપણ પ્રકારની દુર્ઘટના ઈજા માટે જવાબદાર રહેશે નહિં.
- શૈક્ષણિક પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, ડ્રાઈવિંગ લાઈસન્સ અને અન્ય દસ્તાવેજોકે પુરાવાઓ સ્ટેજ-૧ (પીએસટી,પીઈટી) વખતે મુળ લાવવાના છે. મુળ દસ્તાવેજો ન રજુ કરનાર ઉમેદવારોને શરૂઆતમાં ગેરલાયક ઠેરવવામાં આવશે.
- અનામતના લાભ લેતા એસસી, એસટી,, ઓબીસી અને માજી સૈનિકોએ એવી ખાતરી કરવી કે તેમને વિજ્ઞાપનમાં આપવામાં આવેલા માનકો પ્રમાણે અનામત મળે. તેમના દાવા માટે તેમની પાસે ભારત સરકાર દ્વારા નિર્ધારિત પ્રમાણપત્ર હોવું જોઇએ.
- મેટ્રીક્યુલેશન, સેકન્ડરી પ્રમાણપત્ર પરીક્ષામાં જણાવેલી જન્મતારીખ અથવા સમાન પ્રમાણપત્ર ભરતીના કોર્સ દરમિયાન વય માપદંડ માટે સ્વીકારવામાં આવશે અને ત્યારપછી તેમાં સુધારા માટે કોઈ પણ વિનંતી ધ્યાનમાં નહિ લેવામાં આવે.
- પરીક્ષાના તમામ સ્તરે ઉમેદવારોનું એડમિશન સંપૂર્ણપણે પ્રોવિઝનલ હશે તે ભરતી પ્રણાલીના માનકો અધિન હશે. ભરતી પ્રણાલીના અંતે તબીબી પરીક્ષામાં ભાગ લેવાથી નિમણુંક મળી જતી નથી. જગ્યાઓની ફાળવણી પ્રમાણે દરેક કેટેગરી માટે, દરેક જગ્યા માટે મેરિટ યાદીમાંથી નિમણુંક ઓફર કરવામાં આવશે.
- નિમણુંક માટે પસંદગી પામેલા ઉમેદવારોએ ચેસ્ટ, એક્ષ રે, પેથોલોજીકલ ટેસ્ટ આપવાના છે સીઆરપીએફ મેડીકલ અધિકારીની હાજરીમાં અથવા તો અધિકૃત અધિકારીની હાજરીમાં.
- આ જગ્યા સંપૂર્ણપણે હંગામી છે. પરંતુ કાયમી થવાની સંભાવના છે.
- પસંદગી પામેલા ઉમેદવારોએ સીઆરપીએફના તાલીમ કેન્દ્ર ખાતે નિર્ધારિત સમયગાળાની તાલીમ આપવાની રહેશે. જો કોઇ ઉમેદવાર નિર્ધારિત તાલીમ પુરી ન કરે તો તેની સેવા રદ થશે.
- ભરતી માટે આજીજી કરવી અથવા તો બહારની લાગવગ લાવવાથી ઉમેદવારને ભરતીમાંથી રદ કરી નાખવામાં આવશે.
- યોગ્ય કૌશલ્ય, ક્ષમતા, ફિટનેશ અને સંબંધિત ટ્રેડનું જ્ઞાન ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવી.
- અરજી કરતા પહેલા નોંધણી માટે હાજર રહેવા માંગતા તમામ ઉમેદવારો શૈક્ષણિક અને ટેકનીકલ લાયકાત, વય, શારીરિક માપદંડની જરૂરીયાત ચકાસી લેવી અને તે જગ્યા માટે પાત્ર હોય.
- ભરતી કેન્દ્રોમાં મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો પર પ્રતિબંધ છે.
- ભરતી સબંધિત વિસ્તૃત પ્રક્રિયા જાણકારી સીઆરપીએફની વેબસાઈટ www.crpf.nic.in અથવા તો નીચેના ફોન નંબર અને ઈમેઈલ આઈડી પરથી મેળવી શકાય છે.

| રાજ્ય | કચેરીનું નામ | હેલ્પલાઈન નં.ઈ મેઈલ આઈડીઃ |
|---|---|---|
| મહારાષ્ટ્ર | જીસી સીઆરપીએફ -નાગપુર | ૦૭૧૦૪-૨૩૬૯૮૩ gcngr@crpf.gov.in |
| ગુજરાત | જીસી સીઆરપીએફ -ગાંધીનગર | ૦૭૯-૨૩૨૦૧૩૨૬ gcgnr@crpf.gov.in |

- સરકાર વર્કફોર્સ હોવા માટેનો પ્રયાસ કરે છે જે જાતિ સમાનતાની હિમાયત કરે છે અને મહિલા ઉમેદવારોને કોન્સ્ટેબલ(બ્યુગલર, ગાર્ડનર અને કુક, વોટર કેરિયર, હેર ડ્રેસર, વોટર વુમન, ટેઈલર, સફાઈ કર્મચારી)ની જગ્યાઓ માટેની ભરતીમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપે છે.

ડીઆઈજીપી(વહિ) સધર્ન સેક્ટર,
સીઆરપીએફ. ➔

➔ એપેન્ડીક્ષ 'એ'

## સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સમાં કોન્સ્ટેબલ (ટેકનિકલ/ટ્રેડ)ની જગ્યા માટે અરજીપત્રક

(તાજો પાસપોર્ટ સાઈઝનો ફોટો)

૧. અરજદારનું નામ બ્લોક લેટર્સમાં (મેટ્રિકના પ્રમાણપત્ર મુજબ)

૨. પિતાનું નામ (મેટ્રિકના પ્રમાણપત્ર મુજબ)

૩. માતાનું નામ (મેટ્રિકના પ્રમાણપત્ર મુજબ)

૪. જાતિ/કેટેગરી (ટિક કરો √ સાચું હોય તેના પર)

| એસસી | એસટી | ઓબીસી | જનરલ |
|---|---|---|---|
| | | | |

૫. રાષ્ટ્રીયતા (રાજ્ય કે જ્યાં જન્મ થયો હોય અથવા અધિવાસનું)

૬. રાજ્યનું નામ

૭. જન્મ તારીખ (અંગ્રેજી તારીખ મુજબ)

| દિવસ | માસ | વર્ષ |
|---|---|---|
| | | |

(ઉંમર ૦૧-૦૧-૨૦૧૪ના રોજ)

| વર્ષ | માસ | દિવસ |
|---|---|---|
| | | |

૮. કાયમી સરનામું

| | |
|---|---|
| ઘરનું નામ/ | |
| નંબર | |
| શેરી | |
| ગામ | |
| પીઓ | |
| પીએસ | |
| તાલુકો | |
| જિલ્લો | |
| રાજ્ય | |
| પીન | |

૯. હાલનું ટપાલનું સરનામું

| | |
|---|---|
| ઘરનુ નામ/ | |
| નંબર | |
| શેરી | |
| ગામ | |
| પીઓ | |
| પીએસ | |
| તાલુકો | |
| જિલ્લો | |
| રાજ્ય | |
| પીન | |

૧૦. ધર્મ (ટિક કરો√ સાચું હોય તેના પર)

| હિન્દુ | મુસ્લિમ | શીખ | ખ્રિસ્તી | બૌદ્ધ | અન્ય |
|---|---|---|---|---|---|
| | | | | | |

૧૧. શૈક્ષણિક લાયકાત (ટિક કરો √ સાચું હોય તેના પર)

| મેટ્રિક કે સમકક્ષ | ઈન્ટર મીડીયેટ ૧૦+૨ | સ્નાતક | અનુસ્નાતક |
|---|---|---|---|
| | | | |

૧૨. નામ ટ્રેડનું/જે જગ્યા માટે અરજી કરી હોય :
(દરેક ઉમેદવારે એક જ જગ્યા માટે અરજી કરવી)

૧૩. ટ્રેડ લાયકાત (જો હોય તો) :

૧૪. શારીરિક માપદંડ :
(એ) ઊંચાઇ (સે.મી.) સે.મી.
(બી) છાતીનું માપ ફૂલાવ્યા વિના : સે.મી.
(પુરૂષ ઉમેદવાર માટે) ફૂલાવીને : સે.મી.
(સી) વજન :

૧૫. હાલની નોકરીની વિગત :
જો હોય તો જગ્યા અને સર્વિસ નંબર/વિભાગનું નામ વગેરે

૧૬. તમે એક્સ સર્વિસમેન છો : હા/ના

૧૭. વયમાં છૂટછાટ જોઈએ છે : હા/ના

૧૮. આઈપીઓ/બેંક ડ્રાફટ નં. તારીખ અને ઈસ્યુકર્તા બ્રાન્ચ (પુરૂષ જન. અને ઓબીસી ઉમેદવારો માટે જ)

૧૯. બે સેલ્ફ એડ્રેસ સાથેના કવરો રૂા. ૨૨/- ની ટપાલ ટિકિટ સાથેના છે. : હા/ના
(તમામ ઉમેદવારે માટે)

૨૦. હાલ ફરજ બજાવતા સીઆરપીએફ જવાનના સંતાન છો ? : હા/ના

૨૧. જો ફરજ બજાવતા સીઆરપીએફ જવાનના પાલ્ય હો તો નોકરી કરતા પિતા/માતાની વિગત આપવી
ફોર્સ...............રેંક.................
નામ..................................
યુનિટ/ઓફિસ.......................

### જાહેરનામું

હું આથી જાહેર કરું છું કે, મારી અરજીમાં જણાવેલ તમામ માહિતી સાચી છે, સંપૂર્ણ છે અને મારી જાણકારી તેમજ વિશ્વાસ મુજબ સાચી છે. જો ક્યારેય કોઈ માહિતી ખોટી કે અસત્ય કે અપાત્રતા અંગેની જણાય ટેસ્ટ બાદ કે પહેલાં, તો મારી ઉમેદવારી રદ થશે અને મારા તમામ ભરતી માટેના દાવાઓ સમાપ્ત થયેલા જણાશે. હું એ પણ સમજું છું કે કોઈપણ તબક્કે પસંદગીના બોર્ડ દ્વારા મેં ગેરરીતિ આચરી છે પીઈટી/પીએસટી/લેખિત પરીક્ષા/ ટ્રેડ ટેસ્ટમાં અથવા અવહેલના કરી છે કોઈ નિયમ/નિયમનની કે પસંદગીની પ્રક્રિયા સંચાલિત કરતા હોય, તો મારી ઉમેદવારી રદ કરાશે અથવા સિલેકશન બોર્ડ દ્વારા મને તેના નિર્ણય મુજબ નાપાસ જાહેર કરવામાં આવશે.

(------------------------)
અરજદારની સહી

સ્થળ:

તારીખ : (જે અરજીમાં ઉમેદવારની સહી નહિ હોય તે રદ કરાશે).

(અહીં દર્શાવેલ જાહેરખબર અને અરજી ફોર્મનો નમૂનો માત્ર જાણકારી માટે છે. વધુ વિગતો માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઈટ જોવી.) ●

## અન્ય જાહેરખબર

❒ **સ્ટાફ સિલેકશન કમિશન-સેન્ટ્રલ રિજિયન : અલ્હાબાદ**

♦ **જગ્યાનું નામ** : સિનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ (હાઈડ્રોજીઓલોજી), સિનિયર સાયન્ટિફિક આસિસ્ટન્ટ (જીઓલોજી/ફિઝિક્સ/ મોન્યુમેન્ટસ એન્ડ વોલ પેઈન્ટીંગ), લેબોરેટરી એટેન્ડન્ટ, હોર્ટિકલ્ચર આસિસ્ટન્ટ, ટેકનિકલ આસિ. (સુગર ટેકનોલોજી)

♦ **જગ્યાની સંખ્યા** : ૦૭

♦ **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૬-૧૨-૨૦૧૩**

**વેબ સાઈટ :** www.ssc-cr-org

❒ **સ્ટાફ સિલેકશન કમિશન-નોર્થ-ઈસ્ટર્ન-રિજિયન :**

♦ **જગ્યાનું નામ** : સિનિયર ટેકનિકલ આસિ. (કેમિકલ/ જિઓ ફિઝિક્સ)

♦ **જગ્યાની સંખ્યા** : ૦૪

♦ **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૮-૧૨-૨૦૧૩**

**વેબ સાઈટ :** http://ssc.nic.in

❒ **ઓફિસ ઓફ ધી રજિસ્ટ્રાર જનરલ ઈન્ડિયા : નવી દિલ્હી (બધી જગ્યાઓ ડેપ્યુટેશન ઉપર)**

♦ **જગ્યાનું નામ** : સિનિયર ટ્રાન્સલેટર, સિનિયર ટેકનિકલ આસિ. (પ્રિન્ટીંગ), સિનિયર ડ્રાફ્ટસમેન, જીઓગ્રાફર, સ્ટેટેસ્ટિકલ ઈન્વેસ્ટીગેટર-ગ્રેડ-૨, જુનિ. ટ્રાન્સલેટર, સ્ટેનોગ્રાફર-ગ્રેડ-૧, ૨ જુનિ. એકાઉન્ટસ ઓફિસર

♦ **જગ્યાની સંખ્યા** : ૬૯૭

♦ **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૬-૧-૨૦૧૪**

❒ **નેશનલ રિમોટ સેન્સીંગ સેન્ટર : હૈદરાબાદ**

♦ **જગ્યાનું નામ** : ગ્રેજ્યુએટ એપ્રેન્ટિસ, ટેકનિશિયન એપ્રેન્ટિસ

♦ **જગ્યાની સંખ્યા** : ૪૭

♦ **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૦-૧૨-૨૦૧૩**

**વેબ સાઈટ :** www. nrsc.gov.in

❒ **ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ હોર્ટિકલ્ચર રિસર્ચ : બેંગ્લોર**

♦ **જગ્યાનું નામ** : ટેકનિકલ આસિ. (પ્રેસ એન્ડ એડિટોરિયલ-હિન્દી ટ્રાન્સલેટર), એલડીસી, સ્કીલ્ડ સપોર્ટ સ્ટાફ

♦ **જગ્યાની સંખ્યા** : ૬૦

♦ **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૭-૧૨-૨૦૧૩**

**વેબ સાઈટ :** www. iihr.ennet.in

**(એમ્પ્લોયમેન્ટ ન્યુઝ, તા. ૯-૧૧-૨૦૧૩)**

❒ **ઈન્ડિયન ઓર્ડેનન્સ ફેકટરીઝ : જબલપુર**

♦ **જગ્યાનું નામ** : કુશળ કારીગરોની ભરતી (એક્ઝામિનર એન્જિ., ફીટર ઓટોમોબાઈલ, ફીટર જનરલ, ફીટર ઈન્સ્ટ્રુમેન્ટ, ફીટર ટી એન્ડ જી., ગ્રાઈન્ડર, મશીનીસ્ટ, મેશોન મીલર, મીલ રાઈટ, પેન્ટર, ટર્નર, વેલ્ડર

♦ **જગ્યાની સંખ્યા** : ૩૪૨

♦ **ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : ૫-૧૨-૨૦૧૩**

**વેબ સાઈટ :** www. vfj.nic.in

❒ **ઈન્સ્ટિટ્યુટ ઓફ નેનો સાયન્સ એન્ડ ટેક્નોલોજી : મોહાલી**

♦ **જગ્યાનું નામ** : સાયન્ટિસ્ટ G./F./E./D./C./B, ચીફ ફિનાન્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન ઓફિસર, ફિનાન્સ ઓફિસર, સ્ટેનોગ્રાફર

♦ **જગ્યાની સંખ્યા** : ૪૪

♦ **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૬-૧૨-૨૦૧૩**

**વેબ સાઈટ :** www. inst.ac.in

❒ **મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ :** 222 -ABOD, **પીન** -909222, C/o 99 APO

♦ **જગ્યાનું નામ** : સફાઈવાળા, જેસ્ટેનર ઓપરેટર, મેસેન્જર, પેકર, લિસ્ટર ડ્રાઈવર, ટેન્ટમેન્ડર, ઈલેક્ટ્રિશીયન, કારપેન્ટર, સેવીયર

♦ **જગ્યાની સંખ્યા** : ૨૫

♦ **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૨-૧૨-૨૦૧૩**

❒ **સ્ટાફ સિલેકશન કમિશન (વેર્સ્ટન રિજિયન) :**

♦ **જગ્યાનું નામ** : મિલ્ક રિકોર્ડર, સ્ટોરકિપર, ટેકનિશીયન ગૃપ-સી, સાયન્ટિફિક આસિ. જુનિ. કેમિસ્ટ, જુ. ટેકનિકલ આસિ., બોટનિકલ આસિ., જુનિ. ફિશીંગ ગિયર ટેક્નોલોજીસ્ટ, આસિ. ઈપીગ્રાફીસ્ટ (અરેબિક અને પર્શીયન ઈન્સ્ક્રીપ્શન), (અરેબિક અને પર્શિયન ઈન્સ્ક્રીપશન) ડ્રાફટસમેન, એડિટર, સિનિયર ટેકિનકલ આસિસ્ટન્ટ (હાઈડ્રોજીઓલોજી) ઈન્ફોર્મેશન આસિ., સિનિયર ટેકિનકલ આસિ. (કેમિકલ)

♦ **જગ્યાની સંખ્યા** : ૪૬

♦ **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૦-૧૨-૨૦૧૩**

**વેબ સાઈટ :** www. sscwr.net.

**(એમ્પ્લોયમેન્ટ ન્યુઝ, તા. ૧૬-૧૧-૨૦૧૩)**

ભારતીય સંરક્ષણ દળમાં

# યુવાનો માટે આર્મી ઓફિસર બનવાની ઉત્તમ તક

**૧૧૯મો ટેકનીકલ ગ્રેજ્યુએટ કોર્સ (જુલાઈ-૨૦૧૪) (આર્મી એજ્યુકેશન કોર્પ્સ પી.જી. એન્ટ્રી ફોર મેન સહિત)**

**ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૧૪-૧૨-૨૦૧૩**

**જગાઓની કુલ સંખ્યા : ૧૦૦**

❑ **પ્રવેશનો પ્રકાર :**

**૧૧૯મો ટેકનીકલ ગ્રેજ્યુએટ કોર્સ :** હંગામી કેન્દ્રિય/રાજ્ય સરકારના કર્મચારીઓ, સંરક્ષણ દળ અને ક્ષેત્રિય સંરક્ષણ દળ (ટેરિટોરિયલ આર્મી ઓફિસર સહિત)માં સેવા બજાવતા કર્મચારીઓ અને નૌકાદળ તેમજ હવાઈ દળમાં સેવા બજાવતા કર્મચારીઓ સહિતના એન્જિનિયરીંગ ગ્રેજ્યુએટ એવા પરીણિત/અપરીણિત ભારતીય નાગરિક ઉમેદવારો પાસેથી સંરક્ષણ દળમાં પરમેનન્ટ કમિશન માટે અરજીઓ મંગાવવામાં આવે છે. TGC હેઠળ આર્મી એજ્યુકેશન કોર્પ્સ માટે પણ પરમેનન્ટ કમિશન આપવામાં આવશે.

❑ **જગાઓની સંખ્યા : કુલ-૧૦૦**

**(અ) એન્જિનિયરો (શાખા તથા જગ્યાની સંખ્યા) :**

- સિવિલ (જગ્યા-૧૫)
- મિકેનિક (જગ્યા-૧૫)
- ઇલેક્ટ્રિકલ/ઇલે. એન્ડ ઇલેક્ટ્રોનિક્સ (જગ્યા-૧૦)
- ઓટોમોબાઈલ/વર્કશોપ ટેકનોલોજી (જગ્યા-૦૨)
- એરોનોટિકલ/એવિએશન/એરોસ્પેસ/બેલાસ્ટિક્સ/એવિયોનિક્સ (જગ્યા-૦૨)
- કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ/કોમ્પ્યુટર ટેકનોલોજી/ આઇ.ટી./એમ.એસ.સી.(કોમ્પ્યુટર સાયન્સ) (જગ્યા-૦૬)
- ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ/ટેલિ કોમ્યુ./ઈલે. એન્ડ કોમ્યુ./ સેટેલાઇટ કોમ્યુ. (જગ્યા-૧૦)
- ઈલેક્ટ્રોનિક્સ/ઓપ્ટો ઈલેક્ટ્રોનિક્સ/ફાઈબર ઓપ્ટિક્સ/માઈક્રો ઈલેક્ટ્રોનિક્સ એન્ડ માઈક્રોવેવ (જગ્યા-૦૮)
- ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન/ઇન્સ્ટ્રુમેન્ટેશન (જગ્યા-૦૩)
- આર્કિટેકચર/બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન ટેકનોલોજી (જગ્યા-૦૨)
- ફૂડ ટેકનોલોજી/બાયો ટેકનોલોજી/બાયો મેડિકલ એન્જિ. (જગ્યા-૦૨)
- કેમિકલ એન્જિનિયરીંગ (જગ્યા-૦૨)
- મેટાલર્જી એન્ડ એકસપ્લોઝિવ/મેટાલર્જીકલ એન્જિ. (જગ્યા-૦૧)
- ઇન્ડસ્ટ્રીયલ/મેન્યુફેકચરીંગ એન્જિ./ઇન્ડસ્ટ્રીયલ એન્ડ મેનેજમેન્ટ/પ્રોડક્શન (જગ્યા-૦૨)
- **કુલ જગ્યા - ૮૦**
- **આર્મી એજ્યુકેશન કોપ્સ (પુરૂષ) માટે :** અંગ્રેજી/ ઈકોનોમિકસ/હિસ્ટરી/ જીઓગ્રાફી/પોલીટીકલ સાયન્સ/ સાયકોલોજી/ફિઝિક્સ/ કેમિસ્ટ્રી/ મેથ્સ./ચાઈનીઝ/બર્મીઝ/ તિબેટન/પુશ્તો/દારી/અરેબિક પૈકી કોઈ એક વિષય એમ.એ./ એમ.એસસી.
- **કુલ જગ્યા : ૨૦**

❑ **યોગ્યતાની શરતો :**

**(અ) રાષ્ટ્રીયતા :** ઉમેદવાર (૧) ભારતના નાગરિક, અથવા (૨) ભૂતાનના પ્રજાજન, અથવા (૩) નેપાળના પ્રજાજન, અથવા (૪) ૧લી જાન્યુઆરી ૧૯૬૨ પહેલાં ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી આવેલા તિબેટના નિર્વાસીત, અથવા (૫) પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને કેન્યા, યુગાન્ડા, યુનાઈટેડ રીપબ્લીક ઓફ ટાન્ઝાનીયા, ઝાંબીયા, માલાવી, ઝૈર, ઈથોપીયા જેવા પૂર્વ આફ્રિકાના દેશો અને વિયેટનામમાંથી ભારતમાં કાયમી ધોરણે વસવાટ કરવાના ઇરાદાથી આવેલા મૂળ ભારતીય પ્રજાજન.

ઉપર જણાવેલ (૨), (૩), (૪) અને (૫) કક્ષાઓના ઉમેદવારોએ ભારત સરકાર પાસેથી યોગ્યતાનું પ્રમાણપત્ર મેળવેલું હોવું જોઈએ. નેપાળના ગુરખા પ્રજાજનો માટે આવું પ્રમાણપત્ર જરૂરી નથી.

❑ **લઘુત્તમ શૈક્ષણિક લાયકાત :**

**(ક) એન્જિનિયર્સ માટે :** એન્જિનિયરીંગ સ્નાતકના અંતિમ વર્ષમાં હોય તથા બી.ઇ.માં ક્વોલીફાઇડ સ્નાતક હોય તેવા ઉમેદવાર અરજી કરવાપાત્ર છે. તાલીમમાં જોડાવવાના સમયે ઉમેદવાર ક્વોલીફાઇડ એન્જિનિયરીંગ સ્નાતક થયેલા હોવા જરૂરી છે. ડિગ્રી પ્રમાણપત્ર પ્રાપ્ત ન થયું હોય તેવા ઉમેદવારોએ તાલીમ પ્રારંભ થયાના ૧૨ સપ્તાહમાં ઇન્ડિયન મીલીટરી એકેડમી (IMA) ખાતે ડિગ્રી પ્રમાણપત્ર રજૂ કરી દેવાનું રહેશે. જો આવા ઉમેદવાર નિયત સમયમાં ડિગ્રી પ્રમાણપત્ર રજૂ કરવામાં નિષ્ફળ જશે તો તેઓ પાસેથી બોન્ડમાં જણાવ્યાનુસાર તાલીમનો તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે.

**(ખ) આર્મી એજ્યુકેશન કોર્પ્સ:** ઉપર જણાવેલા વિષયોમાં એ.આઈ.યુ. દ્વારા પ્રથમ અથવા બીજા ડિવિઝનમાં માન્ય યુનિવર્સિટીની એમએ/એમ.એસસી ડિગ્રી મેળવેલી હોવી જોઈએ. અંતિમ વર્ષમાં ભણતા હોય તેઓ AEC માટે અરજી કરવાપાત્ર નથી.

❑ **વયમર્યાદા :**

**(૧) એન્જિનિયરીંગ સ્નાતકો માટે :** ૨૦ થી ૨૭ વર્ષ ઉમેદવાર ૨જી જુલાઇ, ૧૯૮૭ અને ૧લી જુલાઇ, ૧૯૯૪ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

**(૨) આર્મી એજ્યુકેશન કોર્પ્સ માટે :** (AEC) ૨૩ થી ૨૭ વર્ષ. ૨જી જુલાઇ, ૧૯૮૭ અને ૧લી જુલાઇ, ૧૯૯૧ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

❑ **પસંદગી પ્રક્રિયા :**

પસંદગી પ્રક્રિયા નીચે જણાવ્યા મુજબની રહેશે.

❋ ડાયરેક્ટર જનરલ રિક્રૂટીંગ આર્મી હેડકવાર્ટસ ખાતે અરજીઓની પ્રાથમિક ચકાસણી અને તારવણી કરવામાં આવશે અને ડી.જી., રિક્રૂટીંગનો નિર્ણય આખરી ગણાશે. આ બાબતે કોઈપણ રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

- જે ઉમેદવારોની અરજીઓ યોગ્ય જણાશે અને લાયકાતની પરીક્ષામાં એકંદર મેળવેલ ગુણના આધારે તેઓની યોગ્યતા ચકાસવા અલ્હાબાદ, ભોપાલ, બેંગ્લોર ખાતે બોલાવવામાં આવશે. જયાં સાયકોલોજીસ્ટ, ગ્રુપ ટેસ્ટીંગ ઓફિસર, ઈન્ટરવ્યૂઈંગ ઓફિસર દ્વારા યોગ્યતા ચકાસવામાં આવશે. ઉમેદવારના ઈન્ટરવ્યૂ સ્થાનિક કેન્દ્રમાં થશે નહીં.
- SSB ઇન્ટરવ્યૂ માટે કોલ અપ લેટર ઉમેદવારના માન્ય ઇ-મેલ આઇ.ડી. ઉપર મોકલવામાં આવશે અને SMS પણ કરાશે.
